રાજ્ય અને જિલ્લા કક્ષાએ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને આપવામાં આવતાં પ્રોત્સાહક ઇનામની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2024/2493/A-1

સચિવાલય, ગાંધીનગર

તા.૦૯-૦૪-૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૩/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૦૬/ન.બા.૨૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/ ન.બા-૭૪૨/અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૧૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/NB-૭૪૨/અ.૧

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૦/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: વિજાક/ક(શિક્ષણ)શાખા/૨૦૨૪-૨૫/૪૨૮

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના આ વિભાગનાં ઠરાવથી રાજયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે માટે રાજ્ય કક્ષાએ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડમાં પ્રથમ ક્રમે આવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવાની યોજના શરૂ કરવામાં આવેલાં છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના આ વિભાગનાં તા.૦૬/૦૮/૨૦૧૪નાં ઠરાવથી જિલ્લા કક્ષાએ પણ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડમાં પ્રથમ ક્રમે આવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના આ વિભાગનાં તા.૦૭/૧૧/૨૦૧૪નાં ઠરાવથી સદર યોજના હેઠળ આપવામાં આવતાં પ્રોત્સાહક ઇનામની રકમમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનાં પત્રથી ધોરણ-૧૦ અને ૧૨માં રાજયકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે (૧ થી ૩ ક્રમે) આવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિધાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઇનામની રકમમાં વધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (01:04 PM)

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં રાજયકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમે આવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઇનામની રકમમાં નીચે મુજબનો વધારો કરવા માટેની રૂ.0.30 કરોડની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જિલ્લા કક્ષાએ ધો.૧૦ અને ધો.૧૨ (સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહ માટે) | | રાજ્ય કક્ષાએ ધો.૧૦ અને ધો.૧૨ (સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉત્તર બુનિયાદી પ્રવાહ માટે) | |
|---|---|---|---|---|
| | ઇનામ (જૂના દર મુજબ) | ઇનામ (નવા દર મુજબ) | ઇનામ (જૂના દર મુજબ) | ઇનામ (નવા દર મુજબ) |
| પ્રથમ | રૂ.૬,000/- | રૂ.૧૫,000/- | રૂ.૩૧,000/- | રૂ.૫૧,000/- |
| દ્વિતિય | રૂ.૫,000/- | રૂ.૧૧,000/- | રૂ.૨૧,000/- | રૂ.૪૧,000/- |
| તૃતિય | રૂ.૪,000/- | રૂ.૯,000/- | રૂ.૧૧,000/- | રૂ.૩૧,000/- |

**શરતો:**

1. શૈક્ષણિક વર્ષના અંતે લેવાતી બોર્ડની પરીક્ષા (માર્ચ-એપ્રિલ)ના વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળશે. શૈક્ષણિક વર્ષના વચ્ચે (ઓકટોબર-નવેમ્બર) માં લેવાતી પરીક્ષા ઉત્તિર્ણ કરનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે નહીં.
2. એક જ ક્રમ પર એક સરખા ગુણાંક વાળા એકથી વધુ વિદ્યાર્થીઓ આવેલ હોય તેવા સંજોગોમાં એસ.એસ.સી પરીક્ષાના કિસ્સામાં પ્રથમ ત્રણ ક્રમાંક પર આવતા હોય અને એચ.એસ.સી પરીક્ષાના કિસ્સામાં દરેક પ્રવાહમાં ત્રણ ક્રમાંક પર આવતાં હોય તેવા એક સરખા ગુણાંકવાળા વિકસતી જાતિના બધાજ વિદ્યાર્થીઓને આવરી લઇને તેટલા પુરતા ઇનામોની સંખ્યામાં વધારો કરી શકાશે.
3. ઇનામની પ્રાપ્તતા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ તેઓને લાગુ પડતા હોય તે ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષામાં ઓછામાં ઓછી ૬૦ % ગુણ પ્રાપ્ત કરેલા હોવા જોઇશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (01:04 PM)

4. રાજયકક્ષાએ એક થી ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને રાજયકક્ષાનું ઇનામ આપવાનું રહેશે. પરંતુ તેઓને જિલ્લાકક્ષાનું ઇનામ મળવાપાત્ર થશે નહીં. વિદ્યાર્થી એક જ ઇનામ લઇ શકશે.
5. સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
7. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ કરવાનો રહેશે.
8. પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
9. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
10. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
11. વિભાગે નાણાકિય સહાય માટે સમયાંતરે નિયત કરેલ DBT પધ્ધતિ/DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
12. યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
13. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
14. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
15. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયામોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
16. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.
17. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
18. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. આ યોજનાને CM Dash Board સાથે લિંક કરવાની રહેશે.
20. આ યોજના હેઠળ વિદ્યાર્થી / લાભાર્થીને DBT મારફત સહાય ચુકવવાની રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (01:04 PM)

21. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.
22. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.
23. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક : ૯૨, મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિઓ, અન્ય પછાતવર્ગનું કલ્યાણ અને લઘુમતિ કલ્યાણ, પેટા મુખ્ય સદર : 03-પછાત વર્ગનું કલ્યાણ, ગૌણ સદર : ૨૭૭-શિક્ષણ, પેટા સદર : (03) ઓબીસી-૨ Incentives for Post- Metric Education to OBC students. (Scholarship, stipend, instrument assistance, food bill etc.) Award of Prizes in Std. 10th and 12th students.) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.03/0૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (01:04 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (01:04 PM)